ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૨૫-૦૭-૨૦૨૨

રાજ્યમાં ભારે વરસાદને કારણે અનેક જીલ્લાઓ - વિસ્તારો જળબંબાકાર થયા છે અનેક ગામો- વિસ્તારો ભારે પ્રભાવિત થયા છે, હજારો પરિવારો બેઘર થયા છે, અનેક ઘરો-ઘરવખરી ધોવાઈ ગયા છે, રાજ્ય સરકાર ૧૫મી જૂને - ચોમાસાની શરૂઆત ગણીને આગોતરૂ આયોજન કરવામાં વધુ એક વાર નિષ્ફળ ગઈ છે ત્યારે ગુજરાતના પુરગ્રસ્તો - અસરગ્રસ્તોને પૂરતી સહાય મળે, સરકારી તંત્ર સત્વરે પગલા ભરે તેવી માંગ સાથે રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકોને કુદરતી આપત્તીમાં મદદ કરવા - સહાય માટેના નિતિ નિયમો છે પણ તે કાગળ પર હોય તેમ, વિવિધ વિસ્તારના કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો, આગેવાનોએ મુલાકાત સમયે પુરગ્રસ્ત-અસરગ્રસ્ત પરિવારોએ રજુઆત કરી. ભારે વરસાદથી અનેક વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે, ઘરવખરીને ભારે નુકસાન થયું છે, અનેક ઘરો ધોવાઈ ગયા છે, સરકાર જાહેરાતો કરે છે, પણ સર્વે નથી, પરિપત્રો છે પણ અમલવારી નથી, કુદરતી આપત્તીમાં મેન્યુઅલ છે, પણ નિતિનો અભાવ છે, અસરગ્રસ્તો સુધી તંત્રએ પહોંચવાનું હોય છે ત્યાં પહોંચ્યુ નથી, વહીવટીતંત્ર અન્ય જાહેરાતો - પક્ષના પ્રચારમાં વ્યસ્ત હોય તેમ જણાય છે. કેશડોલ્સના ધોરણો સુધારવું અતિ જરૂરી છે આખા પરિવારને કેશડોલ્સ મળતી નથી. સર્વેની જાહેરાત થઈ છે પણ કામ શરૂ ક્યારે થશે ? ગોકળગાયની ગતિથી કામગીરી ચાલી રહી છે.

ખેડૂત, ખેતી, પશુપાલકોની હાલત દયનીય છે, અસરગ્રસ્તો - પુરગ્રસ્તો સહિત ઘર-ઘરવખરી- વાહન સહિતના મુદ્દે ભારે નુકસાન અંગે કોંગ્રેસ પક્ષ તરફથી ઓનલાઈન – ઓફલાઈન ફોર્મ દ્વારા રાજ્યના તંત્ર સમક્ષ રજુઆત કરવાની - મદદકર્તા બનવાની જાહેરાત કરતા વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યું હતું કે, પુરગ્રસ્તો-અસરગ્રસ્તોને મળવાપાત્ર ચુકવણી હાથ ધરવાની કામગીરી જમીન પર જણાતી નથી, પુનઃવસન, રાહત સામગ્રી, રાહત કેમ્પ, બાબતે તંત્ર જલ્દી કાર્યવાહી હાથ ધરે. ગુજરાતમાં મે મહિનાથી ગૌવંશમાં લમ્પી નામના ભયાનક વાયરસે દેખા દિધા બાદ પણ તંત્ર જાણે કુંભકર્ણ નિદ્રાધિન રહ્યું હોય, તંત્ર દ્વારા લમ્પી રોગ બાબતે ખેડૂતો, માલધારીઓ, પશુ પાલકોને માહિતગાર કરવા, આ રોગ સામે રસિકરણની અસરકારક કામગીરી વગેરેમાં તંત્ર સંપૂર્ણ નિષ્ફળ રહ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કિસાન સેલના અધ્યક્ષશ્રી પાલ આંબલીયાએ જણાવ્યું હતું કે, કિસાન કોંગ્રેસ દ્વારકા-જામનગર વિસ્તારમાં અને ત્યારબાદ કચ્છમાં ગૌશાળાઓ - પાંજરાપોળ સંચાલકો સેવાભાવી સંસ્થાઓની મુલાકાત લઈ સ્થાનિક તંત્રને ઢંઢોળવાનો પ્રયત્ન કર્યો. મુખ્યમંત્રી, કૃષિ અને પશુપાલન મંત્રીને ૧૬ માંગણીઓ સાથેનો ગુજરાત કિસાન કોંગ્રેસે પત્ર લખ્યા બાદ સરકાર અને તંત્ર હરકતમાં આવ્યું. સરકાર અને તંત્ર હરકતમાં તો આવ્યું પણ માત્ર જાહેરાતો જીવી સરકાર હોય તેને ૨૨ જુલાઈએ રાજ્ય સરકાર તલાટી મંત્રીને આદેશ કરતો પરિપત્ર કરે છે. આ પરિપત્ર મુજબ તલાટી મંત્રીએ ઘરે ઘરે જઈ બિમાર પશુઓની નોંધ કરી ૨૫ જુલાઈએ રિપોર્ટ જમા કરાવવાનો આદેશ કરવામાં આવ્યો છે દુઃખની વાત એ છે કે ત્રણ ગામ વચ્ચે એક તલાટીમંત્રી છે તે ત્રણ દિવસમાં આ રિપોર્ટ કઈ રીતે તૈયાર કરી શકશે ? એવી જ રીતે કચ્છ ડી.ડી.ઓ. દ્વારા તા.

૨૧ના રોજ કહેવાયું કે અમે કચ્છમાં ૮૦,૦૦૦ ગૌવંશને રસીકરણ કર્યું છે જોવા જેવું એ છે કે કચ્છમાં કુલ ૧૪ પશુચિકિત્સક છે તો આ ૧૪ પશુચિકિત્સક ૮૦,૦૦૦ ગૌવંશને રસિકરણ કરવાની કામગીરી કરી શકે ખરા ? ગઈ કાલે રાજ્યના માહિતી ખાતાએ જાહેર કર્યુંકે કચ્છ-૯૯૭૮૭ ગૌવંશને રસીકરણ કરવામાં આવ્યું છે ત્યારે સવાલ એ પણ છે કે ૯૯૭૮૭-૮૦૦૦૦ = ૧૯૭૮૭ ગાયોને માત્ર ત્રણ જ દિવસમાં ૧૪ ડોક્ટર કેવી રીતે રસીકરણ કરી શક્યા હશે ?

કોંગ્રેસ પક્ષનો સરકારશ્રીને નમ્ર અનુરોધ છે કે કોરોનાની જેમ લમ્પી વાયરસમાં ખોટા આંકડાઓ આપવાની જગ્યાએ સાચી માહિતી પુરી પાડે, કાગળ પર રસિકરણ કરવાની જગ્યાએ ગૌવંશને બચાવવા ખરેખર રસિકરણ કરવામાં આવે, ૭ મહિનાથી ગૌશાળાઓ, પાંજરાપોળોની સબસિડી બાકી છે તે તાત્કાલીક આપવામાં આવે, ગુજરાતમાં હજારો ગોદામોમાં લાખો ટનમાં ઘાંસચારો પડ્યો છે તે ખુલ્લો મુકવામાં આવે, ગૌવંશમાં લંપી નામના વાયરસને મહામારી જાહેર કરી તેને SDRF ની જોગવાઈઓમાં સમાવેશ કરી મૃત ગાય બદલ પશુપાલકને વળતર આપવામાં આવે તેવી ગુજરાત કિસાન કોંગ્રેસ દ્વારા માંગ કરવામાં આવે છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા